અપીલ અરજી નં.૪૫૦/૪૫૧ તા.૨૩–૩–૧૦

અરજદારઃ– શ્રી શેતલકુમાર સુર્યકાંત ભગત

સામાવાળાઃ– ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી શેતલકુમાર સુર્યકાંત ભગતની તા.૧૮–૨–૧૦ ની અરજીથી મંજુ એન. મકવાણા કર્મ.નં.૮૦૩૩૪ જેઓ તેમના પિતાશ્રી એસ.એમ.સી.માં નોકરી કરતા હતા તેમના મુત્યુ બાદ મંજુબેન એન. મકવાણા જેઓ જે ખાતામાં નોકરી કરતા હોય તે અંગે તેઓ તેમના પિતાશ્રીના મૃત્યુબાદ જગ્યાએ આશ્રિત તરીકે કેવી રીતે કયા કારણસર નોકરી મળેલ છે તે અંગેની માહિતી તથા જીતેન્દ્ર પરમાર કર્મ નં.૩૪૮૩૭ ને કયા વર્ષમાં આશ્રિત તરીકે નોકરી મળી છે તથા કયા કારણસર મળેલ છે વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૩–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૫૦/૪૫૧/૨૦૦૯–૧૦

શ્રી શેતલકુમાર સુર્યકાંત ભગતની તા.૧૮–૨–૧૦ ની અરજીથી મંજુ એન. મકવાણા કર્મ.નં.૮૦૩૩૪ જેઓ તેમના પિતાશ્રી એસ.એમ.સી.માં નોકરી કરતા હતા તેમના મુત્યુ બાદ મંજુબેન એન. મકવાણા જેઓ જે ખાતામાં નોકરી કરતા હોય તે અંગે તેઓ તેમના પિતાશ્રીના મૃત્યુબાદ જગ્યાએ આશ્રિત તરીકે કેવી રીતે કયા કારણસર નોકરી મળેલ છે તે અંગેની માહિતી તથા જીતેન્દ્ર પરમાર કર્મ નં.૩૪૮૩૭ ને કયા વર્ષમાં આશ્રિત તરીકે નોકરી મળી છે તથા કયા કારણસર મળેલ છે વિગેરેની માહિતી આપવા બાબતે આપેલ માહિતી ખોટી અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૩–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. અરજદારની તા.૧૮–૨–૧૦ ની માહિતી માંગતી અરજીઓની વિષય વસ્તુની વિગતો સરખી હોય તથા અરજદાર અને જાહેર માહિતી અધિકારી એક જ હોય બંને અરજીઓ એકત્રિત કરી જોડાણ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અનુક્રમે પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૧૯ ,૧૫૨૦ તા.૩૧–૩–૧૦ થી ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતી નકલ તથા મળેલ માહિતી ખોટી છે તે અંગેના આધાર સહ સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. વધુમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ વિગતે તેમના તા.૧૧–૩–૧૦ ના તથા તા.૧૨–૩–૧૦ ના પત્ર અનુસાર નિયત ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તે મળ્યા બાદ માંગેલ માહિતી પૈકી કઈ બાબતે નારાજગી છે તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. તથા અપીલ નં.૪૫૧ માં રસીદ નં.૨૫૯૯૯૯ શ્રી ભૂપેન્દ્રભાઈના નામની હોય જેથી તેમના નામ શ્રી શેતલકુમાર સુર્યકાંત ભગતના નામની અરજી ફી ની રસીદ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અપીલ નં.૪૫૦ માં જાહેર માહિતી અધિકારી તરફથી જાવક પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૭ તા.૮–૪–૧૦ થી પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોનનો તા.૨૦–૨–૧૦ નો તબદીલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, સા.સ.ઠરાવ નં.૩૭ તા.૨૭–૪–૮૭ ના વિનિયમોની નકલ સા.સ.ઠ. નં.૧૫૦ તા.૩૧–૩–૨૦૦૦ ના વિનિયમોની નકલ, સા.સ.ઠ નં.૯૦૫ તા.૧૪–૧૦–૦૫ ના ઠરાવની નકલ, સા.સ.ઠ. નં.૧૯૫ તા.૨૬–૪–૦૬ ના ઠરાવની નકલ, ગોવા હાઈકોર્ટના નિર્ણય બાબતે તા.૧૦–૮–૦૯ ના રોજ શહેર વિકાસ ગાંધીનગરના પરિપત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૫ તા.૧ ૨–૩–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવા પાઠવેલ પત્રની નકલ, પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૨ તા.૨૨–૩–૧૦ થી આપવામાં આવેલ માહિતી પત્રની નકલ, અરજદારનો તા.૮–૪–૧૦ નો પત્ર, અરજદારે દસ્તાવેજ ફી ભર્યાની રસીદની નકલ પૂરક વિગતોમાં અત્રેના વિભાગને મળેલ છે. અપીલ નં.૪૫૧ માં જાહેર માહિતી અધિકારી તરફથી જાવક પત્ર નં.જીએડી/ઈએસટી/૧૧૮ તા.૮–૪–૧૦ થી નોંધ વિભાગ, સેન્ટ્રલઝોનનો તા.૨૦–૨–૧૦ નો તબદીલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, મજકુર કર્મચારીની સેવા કાર્ડના પત્રની નકલ, નાશ કરેલ રેકર્ડની યાદી તથા તા.૮–૧ ૦–૦૯ નો શહેર વિકાસ ગાંધીનગરના પરિપત્રની નકલ, અરજદારને માહિતી મેળવવા પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૨ તા.૧૧–૩–૧૦ થી દસ્તાવેજ ફી ભરવા પાઠવેલ પત્રની નકલ, તથા અરજદારને આપેલી માહિતીનો પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૩ તા.૨૨–૩–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદારે તા.૮–૪–૧૦ ના પત્રથી પોટલાની ફાઈલોના નાશ અંગે બિલકુલ સંતોષ નથી અને હકીકત ખોટી લાગે છે તેવું જણાવેલ છે પરંતુ તેની સાથે રજૂ કરેલ રસીદોમાં અરજદારે રસીદ નં.૨૫૯૯૯૯ ની ફી ભર્યાની રજૂઆત કરેલ જે રસીદ ભુપેન્દ્રભાઈ છગનલાલ પટેલની છે. અરજદારે અરજી સાથે કે અપીલ તબકકે તેઓની તા.૧૮–૨–૧૦ ની જીતેન્દ્ર પરમાર કર્મ નં.૩૪૮૩૭ ની માહિતી અંગે અરજી ફી અંગેની કોઈ વિગતો રજૂ કરેલ નથી. જે સૂચવે છે કે સદર કિસ્સામાં આરટીઆઈ એકટની કલમ–૬(૧) હેઠળ સાથે નિયમ–૫ અન્વયે નિયત ફી સહિતની અરજદારની અરજી નથી.

અરજદારની આઈ ડી નં.૧૫૬૦ તા.૧૮–૨–૧૦ ની અરજીથી મંજુબેન એન. મકવાણા કર્મ.નં.૮૦૩૩૪ જેઓ તેમના પિતાશ્રી એસ.એમ.સી.માં નોકરી કરતા હતા તેમના મુત્યુ બાદ મંજુબેન એન. મકવાણા જેઓ જે ખાતામાં નોકરી કરતા હોય તે અંગે તેઓ તેમના પિતાશ્રીના મૃત્યુબાદ જગ્યાએ આશ્રિત તરીકે કેવી રીતે કયા કારણસર નોકરી મળેલ છે તે અંગેની માહિતી જે અંગેની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૬૩૪ તા.૨૦–૨–૧૦ ના રોજ પર્સોનલ ઓફિસર મહેકમને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૫ તા.૧૨–૩–૧૦ ના રોજ પાના નંગ–૧૩ ના રૂા.૨/– લેખે રૂા.૨૬/– ભરપાઈ કરી મેળવવા

જણાવવામાં આવેલ છે. જે રસીદ નં.૩૦૮૫૮૮ તા.૨૦–૩–૧૦ ના રોજ ભરપાઈ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી એ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૨ તા.૨૨–૩–૧૦ થી " સુરત મહાનગરપાલિકામાં આશ્રિતમાં નોકરીમાં સમાવવાની થયેલી જોગવાઈઓ સંદર્ભેના સા.સ.ઠ. નં.૩૭ તા.૨૭–૪–૮૭ , ૧૫૦/૨000 તા.૩૧–૩–૨૦૦૦, ૯ ૦૫/૨૦૦૫ તા.૧૪–૧૦–૦૫, ૧૯૫/૨૦૦૬ તા.૨૬–૪–૦૬ ની નકલો તથા તે જોગવાઈઓ મુજબ મંજુલાબેન નાનજીભાઈ મકવાણાને મર્હુમ કર્મચારી નાનજીભાઈ ઉકાભાઈ મકવાણાના આશ્રિત તરીકે નોકરીમાં સમાવિષ્ટ કરવામાં આવે છે. તે અંગેના કારણો સંદર્ભે સરકારશ્રીના નોટીફીકેશન ક્રમાંક ૧/૭/૦૯/આઈઆર/ તા.૧–૬–૦૯ ની નકલ પૂરી પાડેલ છે. જે બાબતે અરજદારે ખોટી માહિતી આપેલ છે તેવું જણાવી તા.૨૩–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૧૯ તા.૩૧–૩–૧૦ થી મળેલ માહિતીની નકલ તથા માહિતી ખોટી હોવાની સ્પષ્ટતા કરવા તથા ફી ભરીને માહિતી મેળવેલ છે કે કેમ? અને માહિતી મળ્યા બાદ નારાજગી જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે તે સંદર્ભમાં માહિતી મેળવ્યાની કે નારાજગી અંગેની કોઈ વિગતો પૂરી પાડેલ નથી પરંતુ અરજદારે માહિતી અંગે ફી ભરેલ હોઈ તેમજ માહિતી નહીં મળ્યાની રજૂઆત ની જગ્યાએ ખોટી માહિતી મળ્યાની રજૂઆત કરેલ છે તેના ઉપરથી માહિતી મળ્યાનું અનુમાન કરી શકાય છે. સાથે અરજદારે તા.૮–૪–૧૦ ના પત્રમાં પોટલાની ફાઈલોનો નાશ કરવામાં આવેલ છે જે હકીકત ખોટી લાગે છે તેવું જણાવેલ છે જે અનુમાન આધારિત જણાય છે.

અરજદારની આઈ ડી નં.૧૫૫૮ તા.૧૮–૨–૧૦ ની અરજીથી જીતેન્દ્ર પરમાર કર્મ. નં.૩૪૮૩૭ પબ્લીક હેલ્થ લેબોરેટરી ખાતામાં નોકરી ચાલે છે તેઓ તેમના પિતાશ્રી ગણેશભાઈ એચ. પરમાર તેઓ એસ.એસ.સી માં નોકરી કરતાં હતાં તેમના મૃત્યૃ બાદ તેમના પુત્ર જીતેન્દ્ર પરમારને નોકરી મળેલ અતી જે અંગે તેમની અરજી કેટલીવાર દફતરે થઈ અને ત્યાર બાદ કયા વર્ષમાં તેમને આશ્રિતની નોકરી મળી અને કયા કારણસર મળી છે તે અંગેની માહિતી પિતાશ્રીના અવસાનની તારીખ આપવી. તેવી માહિતી માંગવામાં આવેલ. જે અંગેની અરજી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સ ે.ઝોન/આરટીઆઈ/જાવક /૧૬૨૮ તા.૨૦–૨–૧૦ થી પર્સોનલ ઓફિસર મહેકમને તબદીલ કરવામાં આવેલ. અરજદારની મુળ અરજીમાં અરજદારે અરજી ફી ના રૂા.૨૦/– રસીદ નં.૨૫૯૯૯૯ તા.૧૮–૨–૧૦ થી ભરપાઈ કર્યાનું જણાવેલ છે. તથા તબદીલ પત્રમાં પણ તેવી વિગત જણાવેલ છે. સદરહુ રસીદ જોતાં શ્રી ભૂપેન્દ્રભાઈ છગનલાલ પટેલની મહેકમ વિભાગ પરિમલ એમ. નાયક કર્મ નં.૩૪૫૨૨ ની વિગત બાબતની અરજી અંગે સેન્ટ્રલઝોનમાં ભરપાઈ થયેલ. જે બાબતે અરજદારને અપીલ તબકકે નં.આરટીઆઈ સેલ/૧૫૨૦ તા.૩૧–૩–૧૦ થી સદર રસીદ બાબતે સ્પષ્ટતા કરવા અને તેમના નામની રસીદ રજૂ કરવા જણાવેલ પરંતુ અરજદારે તે બાબતે અપીલ સાથે કે અપીલ તબકકે કઈ રસીદ રજુ કરેલ નથી. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૦૧૨ તા.૧૧–૩–૧૦ થી માંગેલી માહિતી અને દસ્તાવેજો અંગે રૂા.૧૨/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૩૦૮૫૮૬ તા.૨૦–૩–૧૦ થી દસ્તાવેજ ફી ના નાણા ભરપાઈ કરેલ છે અને માહિતી મેળવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૪૧૩૩ તા. ૨૨–૩–૧૦ થી " મહેકમ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ મુજબ શ્રી જીતેન્દ્ર ગણેશભાઈ ( ૩૪૮૩૭) તા.૧૨–૨–૯૯ થી સુરત મહાનગરપાલિકાની નોકરીમાં જોડાયેલ છે. તેમની આશ્રિત તરીકેની નિમણુંક અંગેની ફાઈલોનો નિયમોનુસાર નાશ કરવામાં આવેલ હોય તેમની અરજી કેટલીવાર દફતરે થઈતેમજ તેમના પિતાશ્રીના અવસાનની તારીખની માહિતી ઉપલબ્ધ નથી જયારે તેના કારણ સબંધે સરકારશ્રીના નોટીફીકેશન ક્રમાંક ૧–૭–૨૦૦૯/આઈ આરની નકલ રજૂ કરેલ છે. રેકર્ડ નાશ કર્યાની વિગત તેમજ નોટી ફીકેશનની નકલ રજૂ કરેલ છે. જે બાબતે અરજદારે તા.૨૩–૩–૧૦ ના રોજ ખોટી માહિતી આપેલ છે જે સંતોષકારક નથી ચેવું જણાવી અપીલ અરજી કરેલ છે.પરંતુ ખોટી માહિતી અંગે કોઈ આધાર રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે માહિતી મળેલ છે કે કેમ કે માહિતીની નારાજગી અંગે પણ કોઈ વિગતો જણાવેલ નથી. અપીલ તબકકે તા.૮–૪–૧૦ ના પત્રથી પોટલાઓ ફાઈલો નાશ કરવામાં આવેલ છે જે હકીકત મને ખોટી લાગે છે તેવી રજૂઆત કરેલ છે.જે અંગે જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ પૂરક વિગત અનુસાર નિયમો મુજબ તા.૧૮–૨–૦૯ ના સક્ષમ અધિકારીની મંજુરીથી પોટલા નં.૪ નાશ/૧૩ મર્હુમ ના આશ્રિતોએ આપેલ નોકરીનું લીસ્ટની એન્ટ્રી નં.૨૬ જીતેન્દ્રભાઈ ગણેશભાઈ સને ૧૯૯૭–૯૮ ના રેકર્ડનો નાશ કરવામાં આવેલ છે તેવું જણાવેલ. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. વધુમાં અરજદારે અરજી ફી ભરપાઈ કરેલ ન હોય આરટીઆઈ એકટની કલમ ૬(૧) મુજબ અરજી ફી ની વિગત જોતાં ફી ભરપાઈ કર્યાની વિગત રજૂ કરવામાં અરજદાર નિષ્ફળ ગયેલ છે જેથી અપીલનું કારણ ઉત્પન થાય નહીં.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડેલ હોવાનું જણાય છે. જેથી અપીલ અરજી નં.૪૫૦/૪૫૧ અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલની બંને અરજીઓ દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ),..જાણ તથા અમલ માટે
(૨) શ્રી શેતલકુમાર સુર્યકાંત ભગત,